જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૧૦/૨૦૨૨   શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૭૯૬/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૬/૧૦/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૮ | ૦ | ૧૪૮ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૧ | ૦ | ૧૦૦૭૦૧ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૭ | ૩,૫૨,૯૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૯૭/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૯ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૯૧ લીટર દેશી દારૂ, ૧૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨ સ્કુટર અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૧૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૯૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૭૯૯/૨૦૨૨**

**કાગડાપીઠઃ** નારાયણપ્રસાદ રાધેશ્યામ અગ્રવાલ (ઉ.વ.૪૯) (રહે. ગેલેક્ષી ટાવર ગ્રાન્ડ ભગવતી હોટલ સામે વસ્ત્રાપુર) એ તા.૦૬/૧૦/૨૦૨૨ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૯/૨૦૧૯ થી તા.૨૫/૧૨/૨૦૧૯ સુધીના સમયગાળા દરમ્યાન સારંગપુર ન્યુ કલોથ માર્કેટ દુકાન ખાતેથી “ક્રિષ્ણા ઈન્ડસ્ટ્રીઝ” ના માલીક વિશ્વંભર કામેશ્વર સીંઘ (હે. એ/૩૩ મનહરનગર ૧૩૭ છેલ્લા બસ સ્ટેન્ડ આગળ ખોડીયારનગર બાપુનગર) રેયોન કાપડનો માલ ખરીદ કરી બાકી નિકળતા રૂપિયા ૧,૩૦,૦૨,૦૭૩/- નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ એસ.આઈ.ટી.સેક્ટર-૨ પો.સ.ઈ.શ્રી એસ.બી.આચાર્ય ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૮૦૦/૨૦૨૨**

**ચાંદખેડાઃ** કલ્પેશ કનુભાઈ પરમાર (રહે. કેશવકુંજ સોસાયટી આઈઓસી રોડ ચાંદખેડા) એ તા.૦૬/૧૦/૨૦૨૨ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૧૦/૨૦૨૨ કલાક ૨૪/૦૦ થી તા.૦૫/૧૦/૨૦૨૨ કલાક ૩/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાની સાંકળ ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીઓમાંથી સોના-ચાંદીના દાગીના, મોબાઈલ ફોન અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૨૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.એચ.જાડેજા ચલાવે છે.

**સોનાની મગમાળા ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૦૧/૨૦૨૨**

**એલીસબ્રીજઃ** વિમલાબહેન ઘેવરચંદ ચૌહાણ (ઉ.વ.૫૫) (રહે. મંગલા ફ્લેટ વિઠ્ઠલ પટેલ કોલોની લખોડી તળાવ સામે નારણપુરા) તા.૦૫/૧૦/૨૦૨૨ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પતિ સાથે એક્ટીવા પાછળ બેસી ટાગોર હોલના મુખ્ય દરવાજા પાસેથી યુ ટર્ન લઇ રીવરફ્રન્ટ તરફ પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાઇકલ ઉપર આવેલ બે પુરૂષ વિમલાબહેનના ગળામાંથી મંગળસુત્ર પેડલ સાથે કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ વિમલાબહેન ચૌહાણ એ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.ડી.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૦૨/૨૦૨૨**

**સાબરમતીઃ** દિપેશ સોહનલાલ ભારદ્વાજ (ઉ.વ.૩૧) (રહે. આશ્રય-૯ ખોડીયારમાતાના મંદીર સામે ન્યુ રાણીપ સાબરમતી) એ બિમારીથી કંટાળી તા.૦૬/૧૦/૨૦૨૨ કલાક ૧૦/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.પરમાર ચલાવે છે.

**વેજલપુરઃ** સિધ્ધાર્થ કિશોરભાઇ ભટ્ટ (ઉ.વ.૩૯) (રહે. સુપ્રભ એપાર્ટમેન્ટ બકેરી સીટી વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૦૬/૧૦/૨૦૨૨ કલાક ૪/૩૦ થી ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે છતમાં લોખંડના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રણછોડભાઇ મથુરભાઇ ચલાવે છે.

**સરદારનગરઃ** કરશનભાઇ ચમનાજી કાબા (ઉ.વ.૩૭) (રહે. જગુ કિરાણાવાળાની ગલી નહેરુનગર કુબેરનગર સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૦૬/૧૦/૨૦૨૨ સવારના ૯/૦૦ થી ૧૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.દરજી ચલાવે છે.

**બાપુનગરઃ** કેતનકુમાર મહેન્દ્રકુમાર પરમાર (રહે. દલસુખ માળીની ચાલી જૈન રક્ષાબંધન પાસે બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૦૬/૧૦/૨૦૨૨ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એચ.રાઠોડ ચલાવે છે.

**રામોલઃ** હિતેષ અમરતભાઇ દેસાઇ (ઉ.વ.૨૫) (રહે. શ્રીસાંઇ બંગ્લોઝ ઓમ સર્કલ પાસે વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૦૬/૧૦/૨૦૨૨ સાંજના ૬/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે સિડીના ભાગે સ્ટીલના કઠોડા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી અમૃતભાઈ મોહનભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી